નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

બુધવાર તા. ૨૧-૫-૨૦૨૫

GUJARAT TODAY
ગુજરાત ટુડે

# બાળકોની અંદર રહેલું શિક્ષણ તેમના પોતાના માટે નથી હોતું પણ રાષ્ટ્ર નિર્માણ માટે હોય છે : ફારૂક પટેલ

## ધી મુસ્લિમ બ્રધરહુડ લાયબ્રેરીના કાર્યક્રમમાં ઉદ્યોગપતિ ફારૂક પટેલ (કે.પી.) સહિત દિગ્ગજો ઉપસ્થિત રહ્યા





સુરત, તા.૨૦

બાળકોનું તેમના અંદર રહેલ શિક્ષણએ તેમના પોતાના માટે નથી હોતુ એ શિક્ષણ સમાજના અને રાષ્ટ્રના નિર્માણ માટે હોય છે અને સમગ્ર વિશ્વને પોતાની સારામાં સારી નૈતિકતા આપવા માટે બાળકોમાં શિક્ષણ ખૂબ જ અનિવાર્ય છે અને શિક્ષણ પરિશ્રમને ઈબાદતની જેમ ખૂબ જ ખંતપૂર્વક અને વફાદારી પૂર્વક કરવામાં આવે તો શિક્ષણ તમને ના કામીયાબના થવા દેશે અને શિક્ષણ વિદ્યાર્થીઓને એ જગ્યાએ પહોંચાડશે જ જગ્યા પર (મકામ) પર તમારા માતા-પિતાના પહોંચ્યા હોય એ જગ્યા પર શિક્ષણ તમને પહોંચાડશે તેવું શહેરના મરજાનશામી હોલ ખાતે ધી મુસ્લિમ બ્રધરહુડ લાયબ્રેરીના કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત સાહસિક ઉદ્યોગપતિ સીએમડી કે.પી. ગ્રુપના ડો.ફારૂક જી. પટેલ એ ઉપસ્થિત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જણાવતા વધુમાં કહ્યું હતું કે ધી મુસ્લિમ બ્રધરહુડ લાયબ્રેરી જે બહુ જુની સંસ્થા છે જેનું કામ છે. બાળકોને ફ્રીમાં ચોપડા આપવાનું સાથે જ વિદ્યાર્થીને ડોક્ટર બનવું હોય કે એન્જિનિયર બનવું હોય ત્યાં સુધી ભણતર આપવાનું કાર્ય કરી રહ્યાં છે. તેમની સાથે કે.પી.હ્યુમન ફાઉન્ડેશન ડાઇને સ્કોલરશીપનું પ્રોગ્રામ અને એક બિલ્ડિંગ આપવાનું નક્કી કર્યું છે. શહેરના એવા બાળકો જે એ-૧ ગ્રેડથી ઉત્તીર્ણ થયા છે. તેઓને મોટીવેટ કરવા આ પ્રોગ્રામ કરવામાં આવ્યું છે. આવા પોગ્રામો થવાથી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ડોક્ટરો, આઈપીએસ, આઈએએસ, એન્જિનિયર બને.

આવા બાળકો સમાજનું નામ રોશન કરશે. કે.પી. હ્યુમન ફાઉન્ડેશન જે બાળકો એવા હોય ફી નથી ભરી શકતા, વધારે એમના માતા પિતા તરફથી ભણાવવાની શક્તિ નથી. જે લોકો આગળ ભણવા માંગતા હોય તેવા બાળકોને નર્સિંગ કરવા કોશિશ કરી રહ્યાં છે. ખાલી ૮મા ધોરણ સુધી નહી ૧૧થી ૧૨ સુધી એંગ્લો ઉર્દુ પણ કોર્ષો ચાલી રહ્યાં છે. પી.પી.સવાણીની સાથે કોલોબેશન કરીને કોર્ષો ચાલી રહ્યાં છે. આવી બધી પ્રવૃત્તિ એટલે કરવાની કે રાષ્ટ્રનું નિર્માણ થાય. સારા બાળકો હશે આગળ રાષ્ટ્ર બનશે આવતી કાલનું. દિકરીઓનો અભ્યાસ ઓછો છે એ કદાચ ખોટું છે. મુસ્લિમ સમાજમાં થોડું ઉપલા લેવલ ઉપર થોડું થઈ જાય છે. તેમને આશા છે કે દિકરીઓથી ભરેલો હોલ છે આવતીકાલે આ દિકરીઓ સમાજને મોટું નામ અપાવશે. શહેરના સોદાગરવાડ સ્થિત આવેલ એંગ્લો ઉર્દુ સ્કૂલમાં હાલમાં ધોરણ ૧૧-૧૨ની ઈંગ્લિશ માધ્યમની સુવિધા ઉપલબ્ધ છે અને બાળકો તેમાં ભણી રહ્યાં હોવાનું જણાવ્યું છે. 'ધી મુસ્લિમ બ્રધરહુડ લાયબ્રેરી-સુરત દ્વારા એસ.એસ.સી અને એચ.એસ.સી.ના A1 અને A2ના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ તથા કેરીયર ગાઈડન્સ અંગેના પ્રોગ્રામનું આયોજન ડો.ફારૂક જી. પટેલ (સી.એમ.ડી-કેપી ગ્રુપ)ના પ્રમુખ સ્થાને કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સહયોગથી મરજાનશામી હોલ, સુરત. ખાતે યોજવામાં આવ્યુ હતું. જેમાં કુલ ૪૧૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું. જેમાં તેઓને ઈનામ તરીકે ટ્રોફી, સ્કૂલ બેગ, લંચબોક્ષ તથા સર્ટીફિકેટથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. હોલમાં લગભગ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે વાલીઓની મેદની ભેગી થઈ હતી. આ પ્રોગ્રામમાં ડો.ફારૂકભાઈ જી. પટેલ સાહેબ તરફથી ટ્રસ્ટને રાંદેર ખાતે પોતાની એક જમીન આ સંસ્થાને દાનમાં આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તથા ધો. ૦૧થી ૦૮ની સ્પર્ધાત્મક સ્કોલરશીપ કસોટી માટે કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન તરફથી સ્પોન્સરશીપની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં સ્પીકર તરીકે સોએબ અન્સારી, ડો.ઝાહીદ કાનુંગા, રઝાકભાઈ વોહરા, અફલભાઈ પડાયા તથા મુખ્ય મહેમાનો એડવોકેટ ડો.નસીમ જી. કાદરી, એડવોકેટ બખ્તીયાર એહમદ નાતાલવાલા, પ્રો. હનીફભાઈ દાલચાવલ, મોહંમદભાઈ પટેલ, મો.હયાતખાન માસ્ટર, મહેબબુભાઈ પલ્લા જેવા મહાનુભાવો ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે સંસ્થા પ્રમુખ જી.એમ.મલેક, ઉપ્ર-પ્રમુખ અશફાક સૈયદ, ઝાકીર શેખ, માનદમંત્રી એડ.ઈકબાલ મલીક (રાજુ), ખજાનચી સૈયદ સાબીરઅલી, સહ-માનમંત્રી ફૈઝ શેખ, ફૈઝાન ચુનાવાલા, કો-ઓડીનેટર ઈલ્યાસ શેખ, કારોબારી સભ્યો એડ.જાવીદ મીરઝા, શફીભાઈ ઘસીટ, રાજુભાઈ દોઢીયા તથા પ્રોગ્રામ કમિટિ એ ખૂબજ ઝેહમત ઉઠાવી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો અને આવેલ તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.